# SGST પબ્લીક ગ્રીવન્સ રીડ્રેસલ કમિટિમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ અને ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાની નિમણુંક થતા સાર્વત્રીક આવકાર...

વર્ષ ૨૦૧૭ થી જીએસટી કાયદાનું અમલીકરણ થયેલ છે ત્યારે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા જીએસટીમાં રહેલી વિસંગગતાઓ દુર કરવા તેમજ વેપાર-ઉધોગકારોને પડતી મુશ્કેલીઓનું નિરાકરણ લાવવા માટે કેન્દ્ર અને રાજય સરકાર સમક્ષ અસંખ્ય પત્રો લખી તેમજ દિલ્હી-ગાંધીનગર રૂબરૂ મિટીંગો કરી રજુઆતો કરેલ છે અને મહદઅંશે તેમા સફળતા પણ મળેલ છે.

રાજકોટ ચેમ્બર દ્વારા વેપાર-ઉધોગકારોને SGST ને લગતા પણ ઘણા પ્રશ્નો હોય તેના નિરાકરણ લાવવા SGST દ્વારા પણ પબ્લીક ગ્રીવન્સ રીડ્રેસલ કમિટિની રચના કરવા અને દર ત્રણ મહિને મિટીંગનું આયોજન કરવા સંયુકત રાજય વેરા કમિશ્નરશ્રીને રજુઆત કરવામાં આવેલ હતી. જેના ફળ સ્વરૂપે સંયુકત રાજય વેરા કમિશ્નરશ્રીની અધ્યક્ષતામાં સાત સભ્યોની SGST પબ્લીક ગ્રીવન્સ રીડ્રેસલ કમિટિની રચના કરવામાં આવેલ છે અને તેમાં માત્ર રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ અને ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાની નિમણુંક કરવામાં આવેલ છે. આમ તેઓની નિમણુંક થતા ચારેય બાજુએથી અભિનંદન મળી રહયા છે.

રાજકોટ ચેમ્બર વેપાર-ઉધોગકારોના પ્રશ્નોને વાચા આપવા માટે દરેક ક્ષેત્રમાં હર હંમેશા અગ્રેસર રહયું છે ત્યારે GST ને લગતા કોઈપણ પ્રશ્નો-સુચનો હોય તો તે રાજકોટ ચેમ્બરને મોકલી આપવા ખાસ અનુરોધ કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવની અખબારી યાદીમાં જણાવેલ છે.